ફેક્સ : (૦૭૯) ૨૬૩૦૨૬૫૪
ટેલિફોન : ૨૬૩૦૧૩૪૧-૨૬૩૦૦૩૪૨-૪૩
૨૬૩૦૦૧૨૬ અને ૨૬૩૦૦૬૬૪
ટેલિગ્રામ : યુનિગુજરાત

Fax : (079) 2630 2654
Phone : 26301341-26300342-43
26300126 – 26300664
Telegram : UNIGUJARAT

# ગુજરાત યુનિવર્સિટી
# GUJARAT UNIVERSITY

ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
પોસ્ટ બોક્સ નં. ૪૦૧૦
નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯.

OFFICE OF THE GUJARAT UNIVERSITY
POST BOX NO. ૪૦૧૦, AVARANGPURA,
AHMEDABAD-૩૮૦૦૦૯. (INDIA)

નં. પરીક્ષા/૨-એ/BEd/ ૩૭૯૩ /૨૦૧૬ તા. ૦૨-૦૫-૨૦૧૬

<u>ફકત બી.એડ સેમેસ્ટર-૧ અને ૨ (Old)ના રીપીટર વિદ્યાર્થીઓ માટે જ</u>

**પરિપત્ર નં. : ૧૨૩**

ગુજરાત યુનિવર્સિટી સાથે સંકળાયેલ તમામ બી.એડ્. કૉલેજોના આચાર્યશ્રીઓને જણાવવાનું કે, આ યુનિવર્સિટીની તારીખઃ-૧૨-૦૫-૨૦૧૬ થી શરૂ થતી બી.એડ્. સેમેસ્ટર-૧ અને ૨ (Old) રીપિટર વિદ્યાર્થીઓના પરીક્ષાના આવેદનપત્રો ભરવાના થાય છે. **<u>આવેદનપત્રો www.gujaratuniversity.org.in પર Student corner માં જઈ Examinationsમાં Examination Form માંથી કોરૂં (Blank) ફોર્મ ડાઉન લોડ કરી ભરવાનું રહેશે.</u>** જે કૉલેજવાઈઝ યાદી તેમજ ફી સાથે **આ કાર્યાલયને તા. ૦૭-૦૫-૨૦૧૬ સુધીમાં જમા કરાવવાનું જણાવવામાં આવે છે. ત્યારબાદ માન. કુલપતિશ્રીના આદેશ સિવાય કોઈ જ પરીક્ષા ફોર્મ સ્વીકારવામાં આવશે નહી.**

**<u>પરીક્ષા ફોર્મ યુનિવર્સિટી કાર્યાલયમાં જમા કરાવવા માટે મોકલતા અગાઉ નીચેની સૂચનાઓનું ચુસ્તરીતે પાલન કરવા વિનંતી છે.</u>**

(૧) પરીક્ષા ફી પેટે સેમેસ્ટર-૧ (ઓલ્ડ) રીપિટર વિદ્યાર્થીદીઠ રૂ. ૨૨૫/- જમા કરાવવાના રહેશે. જેમાં રૂ. ૨૫/- પરીક્ષા ફોર્મની ફી, રૂ. ૨૦૦/- પરીક્ષા ફીનો સમાવેશ થાય છે. સેમેસ્ટર-૨ (ઓલ્ડ) રીપિટર પરીક્ષા ફી પેટે વિદ્યાર્થીદીઠ રૂ. ૩૭૫/- જમા કરાવવાના રહેશે. જેમાં રૂ. ૨૫/- પરીક્ષા ફોર્મની ફી, રૂ. ૨૦૦/- થીયરી પરીક્ષાની ફી, રૂ. ૧૫૦/- પ્રેક્ટિકલ (લેશન) ફીનો સમાવેશ થાય છે.

(૨) પરીક્ષાની ફી ક્રોસ્ડ ડિમાન્ડ ડ્રાફ્ટ/પે-ઓર્ડર, <u>કુલસચિવશ્રી, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ-૩૮૦૦૦૯.</u> ના નામનો કઢાવીને મોકલી આપવાનો રહેશે. CTS Code વાળો

ડિમાન્ડ ડ્રાફટ/પે-ઓર્ડર કઢાવવાનો રહેશે. **<u>રોકડ રકમ સ્વીકારવામાં આવશે.</u>** <u>ચેક કોઈપણ સંજોગોમાં સ્વીકારવામાં આવશે નહીં.</u>

(૩) **રીપિટર વિદ્યાર્થીઓએ ફાઈનલ એલિજિબિલિટી સર્ટિફિકેટ હજુ સુધી અત્રે જમા કરાવેલ ન હોય તેવા વિદ્યાર્થીને સેમેસ્ટર-૧ અને ૨ (ઓલ્ડ) રીપિટરનું પરીક્ષા ફોર્મ ભરી શકશે નહિં. જેની કૉલેજના આચાર્યશ્રીઓએ ખાસ નોંધ લઈ તે ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.**

(૪) પ્રી-પ્રિન્ટેડ ફોર્મમાં ભરેલ વિગતો વિદ્યાર્થીએ તેમજ કૉલેજે ચકાસ્યા બાદ જ વિદ્યાર્થીના ફોર્મ તથા કૉલેજવાઈઝ યાદી આચાર્યશ્રીના સહી-સિક્કા કરીને જમા કરાવવાના રહેશે.

(૫) રીપિટર વિદ્યાર્થીઓના તમામ પ્રયત્નોની માર્કશીટની ઝેરોક્ષ નકલ ફરજિયાત જમા કરાવવાની રહેશે. અન્યથા વિદ્યાર્થીના પરીણામ પેન્ડીંગ રહેશે. **<u>જેની કૉલેજના આચાર્યશ્રીઓએ ખાસ નોંધ લઈ તનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.</u>**

આભાર સહ.

Sd/-

કા. પરીક્ષા નિયામક

**માન. કુલપતિશ્રીના આદેશાનુસાર જણાવવાનું કે, બી.એડ્. સેમેસ્ટર (એક વર્ષ) ઓલ્ડ કોર્સના (વર્ષ ૨૦૧૫ પહેલાના) વિદ્યાર્થી માટે વર્ષ ૨૦૧૬ માં પરીક્ષા આપવા માટેની છેલ્લી તક આપવામાં આવે છે. ત્યાર બાદ આવા વિદ્યાર્થીઓની પરીક્ષા ગુજરાત યુનિવર્સિટી દ્વારા લેવામાં આવશે નહીં. આવા તમામ વિદ્યાર્થીઓને વ્યક્તિગત રીતે સંસ્થા દ્વારા જાણ કરવા વિનંતી છે. <u>જેની કૉલેજના આચાર્યશ્રીઓએ ખાસ નોંધ લઈ અમલ કરવા નો રહેશે.</u>**

આભાર સહ.

Sd/-

કા. પરીક્ષા નિયામક.